



ગાંધીનગર સેક્ટર-૨૮ સ્થિત શ્રી દત્ત મંદિરના ૨૯મા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આજથી આરંભાયેલ આ ધાર્મિક કાર્યના પ્રથમ દિવસે સવારે હાથીજણ ખાતે આવેલ મંદિરેથી ૨૫-૩૦ ભાવિક ભક્તો પગપાળા ધજા લઇ આવ્યા હતા અને મંદિર ખાતે ધ્વજારોહણ કરવામાં આવ્યું. ત્યારબાદ વાસુદેવ નામ સુધા સ્વાહાકારનાં શુભ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતાં. તેમજ આજથી સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પારાયણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

(તસવીર : દિપક જાની)

# શાળા-કૉલેજો આસપાસ રોમિયોગીરી કરતા તત્વોને ડામવા પોલીસ આકસ્મિક વિડીયોગ્રાફી કરાશે

## શહેરમાં રોમિયોગીરી ડામવા પ્રત્યેક પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસને વિશેષ જવાબદારી સોંપાઈ : શૈક્ષણિક સંકુલો - બગીચાઓ બહાર અડ્ડો જમાવતા લુખ્ખાતત્ત્વો સામે પોલીસ સખ્ત પગલાં ભરશે

ગાંધીનગર, તા. ૧૯

શહેરમાં સ્થિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ બહાર અસામાજિક તત્વો અડ્ડો જમાવીને બેસતા હોવાનો આક્રોશ આમ નાગરીકોમાં -બળ બન્યો છે. બીજી તરફ શહેરના જાહેર બગીચાઓ અને રહેણાંક વિસ્તાર નજીક પણ હવે આવા તત્વોની અણછાજતી હરકતોના લીધે શિક્ષિત સમાજ પર માઠી અસર વર્તાઈ રહી છે. આવા સંજોગોમાં એન્ટી રોમિયો સ્કવોડ પણ ઘણા સમયથી નિષ્ક્રિય હાલતમાં છે. જેના કારણે -મી પંખીડાઓ અને લુખ્ખાતત્વો પણ બિન્દાસ્ત બન્યા છે. જયારે હવે શહેરમાં રોમિયોગીરી ડામવા પોલીસ તંત્ર સજાગ બન્યું છે. શાળા-કોલેજો તેમજ બગીચાઓ બહાર અડ્ડો જમાવતા લુખ્ખાતત્વોની પોલીસ હવે વિડીયોગ્રાફી કરશે તેમજ આવા તત્વો સામે શિક્ષાત્મક પગલા લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જીલ્લા પોલીસ વડાએ શહેરમાં રોમીયોગીરીના દુષણને ડામવા તમામ પોલીસ મથકના મહિલા પીએસઆઈને વિશેષ જવાબદારી સોંપી છે.

શહેરમાં જાહેર સ્થળો પર કઢંગી હાલતમાં બેસતા કોલેજીયન યુવક-યુવતીઓના લીધે નગરની સાંસ્કૃતિક ઓળખને ઠેસ પહોંચી રહી છે. બીજી તરફ જાહેરમાં બિન્દાસ્ત બનતા આવા તત્વોના લીધે ભાવી પેઢી ઉપર પણ વિપરીત અસર થઈ રહી છે. છેલ્લા કેટલાક સમયથી શહેરના બગીચાઓ અને શૈક્ષણિક સંકુલો આસપાસ અસામાજિક તત્વો અને -મી પંખીડાઓ નો અડ્ડો જોવા મળી રહ્યો છે. થોડા સમય અગાઉ નગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કમાં પણ -મી યુગલો કઢંગી હાલતમાં બેસતા હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે બગીચાઓની સાથે શાળા-કોલેજો બહાર પણ હવે આ બદીઓ પાંગરતી જતી હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.

શહેરમાં સ્થિત શૈક્ષણિક સંકુલો અને બાગ-બગીચાઓ પાસે છેલ્લા ઘણા સમયથી લુખ્ખાતત્વોએ અડ્ડો જમાવી મુક્યો છે. યુવતીઓની સરેઆમ શાબ્દિક છેડતી કરતા આવા તત્વોના લીધે સેક્ટરનું કલ્ચર ડહોળાયુ છે. શાળા અને રહેણાંક પાસે જ અસામાજિક તત્વોએ અડીંગો જમાવતા સેકટરની શેરીઓમાં પણ દુષણો -વેશી રહ્યા છે. આ સ્થિતીને લઈ સેકટરના રહીશો અને માર્ગ પરથી પસાર થતા વડીલોએ પણ ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડે છે.

જીલ્લા પોલીસ તંત્ર દ્વારા છાકટા બનતા નબીરાઓ અને રોમિયોગીરીને ડામવા શરુ કરાયેલી એન્ટી રોમિયો સ્કવોડ પણ ઘણા સમયથી મૂર્છિત અવસ્થામાં છે. આ સઘળી સ્થિતિને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ અંકુશમાં લેવા જીલ્લા પોલીસ વડા શરદ સિંઘલે તમામ પોલીસ મથકમાં ફરજ બજાવતા મહિલા પીએસઆઈને જવાબદારી સોંપી દીધી છે જેના આધારે હવે છાકટા બનતા રોમિયો તત્વોને ડામવા પોલીસ દ્વારા સ્થળ પર વિડીયોગ્રાફી પણ કરવામાં આવશે તેમજ આવા અસામાજિક તત્વો સામે પોલીસ સખત કાર્યવાહી હાથ ધરશે. આ મહિલા પીએસ'આઈની ટીમ જે-જે વિસ્તારોમાં કાર્યવાહી કરવા જશે કે પરત ફરશે તેની પોલીસની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા પણ ડીએસપીએ હુકમ કર્યો છે.



સેકટર-૧૨ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. બાળકોને ઈનામો આપી તેમની શૈક્ષણિક પ્રતિભાને બિરદાવી હતી. આ પ્રસંગે પીન્કીબેન કોર્પોરેટર વોર્ડ નં. ૭, માનસીભાઈ એસ.એમ.સી. સભ્ય, બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રતિભાબેન દવે તેમજ બ્રહ્મસમાજ મહિલા પાંખના ખજાનચી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય રાવલ ઉપસ્થિત રહ્યા હતા. બાળકોએ પોતાની કાલીઘેલી ભાષામાં અભ્યાસના ગીતો ગાયા હતાં. આ સમગ્ર કાર્યક્રમની સફળતા માટે આચાર્ય રાગીણીબેન રાવલ અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

# લીવ ફોર અધર્સના અભિગમ સાથે લાયન્સ લાયોનેસ ક્લબના નવા હોદ્દેદારોની વરણી

## વર્ષ ૨૦૧૪-૧૫ માટે લાયન્સ પ્રમુખ તરીકે જશવંતસિંહ રહેવર તેમજ લાયોનેસ પ્રમુખ તરીકે ચંદા યાદવે શપથ ગ્રહણ કર્યા

ગાંધીનગર, તા. ૧૯

લાયન્સ અને લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ માટે નવા -મુખ તેમજ હોદ્દેદારોના શપથ ગ્રહણ માટે સ્કુલ ઓફ એચીવરના ઓડીટોરીયમમાં સમારોહ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે લાયન્સ -મુખ તરીકે જશવંતસિંહ રહેવર તેમજ લાયોનેસ -મુખ તરીકે ચંદા યાદવે શપથ ગ્રહણ કર્યા હતા. લીવ ફોર અધર્સના અભિગમ સાથે સર્વિસ એક્ટીવીટી તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા પણ જણાવાયું હતું. આ દરમિયાન ઉપ-મુખ, સેક્રેટરી સહિતના હોદ્દેદારોને પણ શપથ લેવડાવવામાં આવ્યા હતા.

લાયન્સ અને લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગરના વર્ષ ૨૦૧૪-૧૫ માટેના -મુખ તેમજ હોદ્દેદારો સહિતની ટીમનો શપથગ્રહણ સમારોહ દરમિયાન ક્લબના પૂર્વ ડીસ્ટ્રીક્ટ ગવર્નર સુરેશભાઈ શાહે ઉપસ્થિત સૌ સભ્યોને ક્લબની કામગીરી અંગે વિશેષ માહિતી પૂરી પાડી હતી. આ તબક્કે ધોળેશ્વર મહાદેવ મંદિરના મહંત પુ.રામસ્વરૂપ પુરીજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ -મુખ રુચિર ભટ્ટ, લાયોનેસ -મુખ આરતી ભટ્ટ, પૂર્વ ડીસ્ટ્રીક્ટ ગવર્નર હરેન્દ્ર શુકલા, પૂર્વ -મુખ હરીશભાઈ ત્રિવેદી સહીત લાયન્સ - લાયોનેસ ક્લબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઈન્સ્ટોલીંગ ઓફિસર સુરેશ શાહે આગવી ઢબે નવા -મુખ તેમજ હોદ્દેદારોને શપથ લેવડાવ્યા હતા. જેમાં નવા લાયન્સ -મુખ તરીકે જશવંતસિંહ રહેવર, લાયોનેસ -મુખ તરીકે ચંદા યાદવ, માનદ મંત્રી તરીકે રાજ ગૌડા, માનદ મંત્રી તરીકે લાયોનેસ ડીમ્પલ દેસાઈને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઉપ-મુખ તરીકે નિમેશ રાવલ, વૈશાલી જોશી તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને ટ્રેઝરર પદે પણ નવા હોદ્દેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ તબક્કે લાયન્સ ક્લબ વૈવિધ્યસભર કર્યો થકી નવા આયામ સિદ્ધ કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. વધુમાં વર્ષ દરમિયાન યોજાતા ગરબા મહોત્સવના સફળ આયોજન તેમજ સર્કલની જાળવણીના મુદ્દે પણ યોગ્ય કામગીરી થાય તે અંગે ધ્યાન આપવા પણ સુચવાયું હતું. આ ઉપરાંત નવા -મુખને લીવ ફોર અધર્સની પીન અર્પણ કરી સેવાકીય વૃત્તિ--વૃત્તિ તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવાયું હતું.




# ધોળાકુવામાં થયેલી કિશોરીની હત્યાની તપાસ આખરે એલસીબીને સોપાઈ

## માતા સહિત પાંચેય શકમંદના થયેલા એસ.ડી.એસ. ટેસ્ટ પણ નોર્મલ આવતા હત્યાનું રહસ્ય ઘેરું બન્યું છે : હત્યા કરીને કિશોરીને કોથળામાં બાંધીને ફેંકી દેવાઈ હતી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક આવેલા ધોળાકુવા ગામની ૧૬ વર્ષની કિશોરીની હત્યા કરી નાંખી તેણીની લાશ કોથળા બાંધી દઈને ગામની સીમમાં ઝાડીઓમાં ફેંકી દેવાયેલી હાલતમાં મળી આવી હતી. આ ચકચારી હત્યા કેશના રહસ્ય પરથી હજુ પડદો ઉઠ્યો નથી. પોલીસને જે-જે પાંચેય વ્યક્તિઓ પણ શંકા હતી તે પાંચેયના એસ.ડી.એસ ટેસ્ટ એફ.એસ.એલ ખાતે કરાયા હતા. તમામના રીપોર્ટ નોર્મલ આવ્યા હતા. તો બીજી તરફ આ પાંચેય શકમંદો પોતાની નિર્દોષતા પુરવાર કરવા નાર્કો ટેસ્ટ કરાવવા પણ તૈયાર છે. હત્યાનું કોકડું વધુ ગૂંચવાયું છે. નિર્દયતાથી માત્ર ૧૬ વર્ષની કિશોરીની હત્યા કોણે કરી તેના પોલીસને હજુ સુધી કોઈ પુરાવા જ નથી મળતા. આવા સંજોગોમાં આખરે આ સમગ્ર -કરણમાંની તપાસ ડીએસપીએ ગાંધીનગર એલસીબીને સોંપી દીધી છે.

ધોળાકુવા ગામની ૧૬ વર્ષની કિશોરી પડોશીના ઘરે ટી.વી જોવા જવાનું કહીને નીકળી અને ત્યાંથી ગાયબ થઈ ગઈ હતી. મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતા ચિંતિત પરિવાર આખું તેણીની શોધખોળ માટે નીકળી પડ્યું હતું. કિશોરી ગુંથાઈ ગયાની વાત ધીમે ધીમે ગામમાં -સરી જતા આખું ગામ શોધખોળમાં લાગી ગયું હતું. રાતભર કરેલી શોધખોળ બાદ પણ તેણીના કોઈ સગડ મળ્યા ન હતા. દરમિયાન બીજા દિવસે વહેલી સવારે ગામની સીમમાં ઝાડીઓમાંથી ગુમ થયેલી કિશોરીનો કોથળામાં બાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ રહસ્યમય હત્યા -કરણમાં પહેલેથી જ ગામની જ કોઈ નજીકની વ્યક્તિ સંડોવાયેલી હોવાની શંકા પોલીસને હતી. તેને આધારે મૃતકની માતા સહીત પાંચ વ્યક્તિના પોલીસે એસ.ડી.એસ ટેસ્ટ કરાવ્યા પરંતુ રીપોર્ટ નોર્મલ આવ્યા હતા. તો બીજી તરફ શકમંદ પાંચેય વ્યક્તિઓ નાર્કો ટેસ્ટ કરાવવા પણ મંજુર છે. હવે આ રહસ્યમય હત્યા કેશમાં હત્યારાનું પગેરું મેળવવા સમગ્ર મામલાની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપી દેવામાં આવી છે.

# નગર નિયોજક તરીકે પી.ઓ. શર્મા નિમાયા

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત રાજ્યના મુખ્ય નગર નિયોજક તરીકે શ્રી પી.એસ. શર્માની નિયુક્તી કરવામાં આવી છે.

રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા આજે જારી કરાયેલા હૂકમમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે નીલાબેન મુન્શીની નિમણુંક કરવામાં આવી છે.

મુખ્ય નગર નિયોજકની જગ્યા થોડા સમયથી ખાલી પડેલી હતી.



લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર અને જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા શાળા પ્રવેશોત્સવ નિમિત્તે સેક્ટર-૨, સરકારી પ્રાથમિક શાળાને દત્તક લેવામાં આવી હતી. આ પ્રસંગે ધોરણ-૧ માં પગલી પાડતા બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું હતું તેમજ ધોરણ-૩ થી ૭ માં પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે આવેલ વિદ્યાર્થીઓને મીનાબેન પટેલ અને વૈશાલીબેન જોષી દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ચંદાબેન યાદવ, ડિમ્પલ દેસાઈ, મીનાબેન ત્રિવેદી, દક્ષાબેન જાદવ, પ્રજ્ઞાબેન ગજ્જર, ભાવનાબેન શુકરલ અને સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રૂપાલ સેવા સહકારી મંડળીમાં જીતેન્દ્ર પટેલની પેનલનો વિજય

## ભાજપ શહેર પ્રમુખ નીતિન પટેલની પેનલનો કારમો પરાજય

ગાંધીનગર, તા. ૧૯

તાલુકાના રૂપાલ ગામમાં તાજેતરમાં સેવા સહકારી મંડળીની ચૂંટણી યોજવામાં આવી હતી. દસ ડિરેક્ટરો યોજાયેલ ચૂંટણીમાં ગાંધીનગર ભાજપ શહેર પ્રમુખ નીતિન પટેલની પેનલનો કારમો પરાજય થયો હતો.

ગાંધીનગર શહેરની પાસે આવેલ રૂપાલ ગામમાં ગત ૧૮ જૂનના રોજ સેવા સહકારી મંડળીની ચૂંટણી યોજવામાં આવી હતી. ૧૦ ડિરેક્ટર માટે યોજાયેલ ચૂંટણીમાં જીતેન્દ્ર કરશનભાઈ પટેલ અને ભાજપ શહેર પ્રમુખ નીતિનભાઈ પટેલની પેનલ સામે ખરાખરીનો જંગ જામ્યો હતો. જેમાં જીતેન્દ્ર પટેલની પેનલના સાત સભ્યોનો ભવ્ય વિજય થયો હતો. અને ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ નીતિન પટેલની પેનલનો ફક્ત એક ઉમેદવાર વિજયી થતા નીતિન પટેલની પેનલનો કારમો પરાજય થયો છે. જ્યારે અન્ય બે અપક્ષ વિજયી બન્યા છે.

વિજયી થયેલા સભ્યોમાં જીતેન્દ્રભાઈ કરશનભાઈ પટેલ, બળદેવભાઈ મોભભાઈ પટેલ (માજી સરપંચ), રામાભાઈ ડાહ્યાભાઈ પટેલ (મંત્રી), અનીલભાઈ ઈશ્વરભાઈ પટેલ, સુમન સોમાભાઈ પટેલ, જગદીશ મણીલાલ પટેલ, ભીખાભાઈ કેશવલાલ પટેલ, ભીખાલાલ ગાંડાલાલ પટેલ, કનુભાઈ ભીખાભાઈ પટેલ અને નિલેશ હરિભાઈ શુકલનો વિજય થયો છે. ઉલ્લેખનીય છે કે નીતિન પટેલની પેનલને ૫૪૨માંથી માત્ર ૨૧૩ મત મળ્યા છે.

# ઉત્તરવહી અવલોકન વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી જોગ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૪ની ઉત્તરવહી અવલોકન માટે અરજી મંગાવવામાં આવી હતી. આ ચકાસણી ૧૯મી જૂન-૧૪ના રોજ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સંજોગોવસાત ઉપસ્થિત રહી શકયા ન હોય તેવા વિદ્યાર્થીઓએ ૨૦જૂનના રોજ સવારે૯ વાગે ફી ભરેલી રસીદ સાથે ઉપસ્થિત રહેવું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૨૫

## તાપમાન

મહત્તમ : ૪૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦
હોલીડે : ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ડ્રેગોન-૨ (અંગ્રેજી) ૭.૦૦
હોલીડે : ૭.૦૦
હમશકલ : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :
હમશકલ : ૧૦.૦૦
મછલી જલ કી રાની હૈ : ૪.૦૦
ફગલી : ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
હમશકલ : ૧૦.૦૦
હોલીડે : ૧૨.૪૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ડ્રેગોન-૨ (૩-ડી, હિન્દી) : ૧૧.૦૦,૧.૧૫,૬.૦૦,૮.૧૫
ફિલ્મીસ્તાન : ૩.૩૦
હોલીડે : ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ફગલી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
હોલીડે : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હમશકલ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હમશકલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

## આપની આજ

**મેષ** : કર્મક્ષેત્રમાં વિશેષ કલાત્મક કાર્યોનો યોગ. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી. આપ કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે.

**વૃષભ** : આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રાનો યોગ. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે.

**સિંહ** : લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવું પડી શકે છે. કાર્યનાં દરેક પગલે મુશ્કેલીનો સામનો કરવો પડશે. કૌટુંબિક જીવન પણ સુખદ નહીં રહે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે. વાદ-વિવાદથી દૂર રહેવું.

**ધન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળી રહેશે. સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : વ્યાપાર વિસ્તૃત થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : મહત્વકાંક્ષાઓ પ્રગતિ પ્રેરક કરશે. નિષ્ઠાથી કાર્ય કરતા રહેવું. વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. રાજુભાઈ છોટાલાલ દવે (ઉ.વ. ૫૫) મહાકાલી મંદિર પાસે, બ્રાહ્મણ વાસ, સેક્ટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. સમુબેન માલજીભાઈ રબારી (ઉ.વ. ૬૫) ગોકુલ પુરા, રબારી વસાયત, સેક્ટર-૧૪, ગાંધીનગર.